# પ્રાર્થના સભાની સાથે સાથે...

## અમારા નેતાને જીવંત રાખવા બદલ આભાર

૫૮ વર્ષ બાદ ગુજરાતમાં મળી રહેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં ભાગ લેવા આવેલા ગાંધી પરિવારે આજે સવારે ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. જ્યાં રાહુલ ગાંધીએ આશ્રમની વિઝિટર બુકમાં લખ્યું હતું કે, ગાંધી આશ્રમ ખુબજ પ્રેરણાદાયક સ્થળ છે. અમારા નેતાને જીવંત રાખવા બદલ આભાર. અને સોનિયા ગાંધીએ પણ મહાત્મા ગાંધીની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી આશ્રમની મુલાકાત લઈને વિઝિટર બુકમાં મહાત્મા ગાંધીની પ્રેરણા વિષયે નોંધ લખી હતી.

## ગાંધી પરિવારે શહીદ જવાનોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

અમદાવાદમાં આજે કોંગ્રેસની વર્કિંગ કમીટીની બેઠક ચાલી રહી છે ત્યારે કોંગ્રેસના નેતાઓએ શાહીબાગ ખાતે આવેલા શહીદ સ્મારક ખાતે જઈને વીર શહીદ જવાનોના પ્રતિકને ફુલમાળાઓ અર્પણ કરી હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, સોનિયા ગાંધી, રાહુલ



ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓએ શહિદોને શ્રધ્ધા સુમન અર્પણ કરીને ભાજપને અને અન્યોને એવો સ્પષ્ટ રાજકીય સંદેશો આપ્યો કે, શહીદોને નમન અને તેમને શ્રધ્ધાસુમન અર્પણ એ માત્ર ભાજપનો જ ઈજારો નથી. કોંગ્રેસ પણ વીર શહિદ જવાનો માટે ભાજપ જેટલો અને તેના કરતાં પણ એટલો જ આદરભાવ ધરાવે છે. કેમ કે ભાજપની કારોબારી પહેલા આ રીતે વીર શહિદ જવાનોને યાદ કરાયા નથીએમ રાજકીય સૂત્રોએ દાવો કર્યો હતો.

## શહીદોની યાદમાં તમામ કોંગી નેતાઓએ બે મિનિટનું મૌન પાળ્યું

આજે અમદાવાદ ખાતે શાહીબાગ સરદાર સ્મારક ભવનમાં યોજાયેલી કોંગ્રેસની રાષ્ટ્રીય કારોબારીની બેઠક શરૂ થાય તે પહેલાં કોંગ્રેસના નેતાઓએ પુલવામા આતંકી હુમલામાં શહીદ થયેલા ૪૪ જવાનોની શહાદતની યાદમાં અને તેમના આત્માની પરમ શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ઉપરાંત તમામ કોંગી નેતાઓ શહીદોને મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં જોડાયા હતા. આ ઉપરાંત બેઠક પહેલાં કોંગ્રેસના નેતાઓએ જવાનોના શહીદ સ્મારક ખાતે જઈને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## દાંડીકૂચના ઇતિહાસને ૮૯ વર્ષ પૂર્ણ થયા તે પણ ઐતિહાસિક પ્રસંગ

આજથી ૮૯ વર્ષ પહેલાં તા.૧૨મી માર્ચ,૧૯૩૦ના રોજ મહાત્મા ગાંધીજીએ અંગ્રેજી હકૂમત દ્વારા નમક પર નાંખેલા ટેક્સના વિરૂધ્ધમાં જન આંદોલન માટે અમદાવાદમાં પોતાના સાબરમતી આશ્રમથી ૭૨ અનુયાયીઓ સાથે દાંડી કૂચ આરંભી હતી. તા.૬ એપ્રિલના રોજ ગાંધીજીએ દાંડી ગામના દરિયાકિનારે મીઠુ પકવીને ચપટી મીઠુ ઉપાડીને નમક કાયદાનો ભંગ કરીને ધરપકડ વ્હોરી હતી. જેના પગલે દેશ આખામાં અંગ્રેજી હકૂમતની સામે આઝાદીની લડાઈ વધુ જોરથી શરૂ થઈ હતી અને એ જન આંદોલનને કારણે ચળવળને વેગ મળ્યો હતો. એ ઐતિહાસિક પ્રસંગને આજે તા.૧૨ માર્ચ, ૨૦૧૯ના રોજ ૮૯ વર્ષ પૂરા થયા છે, તે પણ ઐતિહાસિક ઘટના બની રહી હતી.

# અમે સતત કહેતા જ હતા કે હાર્દિકને કોંગ્રેસના આશીર્વાદ

## કોંગીના ઇશારે હાર્દિક કામ કરતો હતો : નહેરુ પરિવારના દિકરી પ્રથમ વખત આશ્રમમાં આવ્યા તે સમજવા જેવું છે : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૨

પાટીદારોને અનામત અપાવવાના ઈરાદા સાથે આંદોલન કરી પાટીદારોને ગેરમાર્ગે દોરનાર હાર્દિક પટેલ આજે કોંગ્રેસમાં સામેલ થયો હતો. કોંગ્રેસ પ્રમુખ દ્વારા ખેસ પહેરાવીને હાર્દિકને કોંગ્રેસને એન્ટ્રી અપાવી હતી. ત્યારબાદ આ અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતુ કે, હાર્દિક પટેલે પાટીદારોને અંધારામાં રાખી સમાજ સાથે વિશ્વાસઘાત કર્યો છે. નીતિન પટેલે કહ્યું હતું કે, જે હાર્દિક પટેલે ગુજરાતમાં અનામતનો પ્રશ્ન ઉભો કરી ગુજરાતની શાંતિને હચમચાવી મુકી હતી. પોતાની જાતને ભગતસિંહ ગણાવી સમાજ સમક્ષ આગળ ધરી હતી એ વ્યક્તિએ સતત એવું કહ્યું હતું કે, તે કોઈ રાજકીય વ્યક્તિ નથી. પાટીદારોને ઓબીસીને લાભ અપાવવા આવ્યો છે તે વ્યક્તિ હવે કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ ગઈ છે. ગુજરાતની સમરસતામાં ભાગલા પાડવાના પ્રયાસો થયા છે. અનામત આંદોલન શરૂ થયું ત્યારથી જ અમે કહેતા હતા કે, આ વ્યક્તિ પાટીદારોને અનામતનો લાભ કરાવવાના પ્રયાસમાં નથી પરંતુ કોંગ્રેસના છુપા આશીર્વાદથી કોંગ્રેસની આર્થિક મદદથી કોંગ્રેસના ઈશારે કામ કરી રહ્યો છે. કોંગ્રેસના ઈશારે જ હાર્દિક સતત કહેતો હતો કે, હું કોઈને મળીશ નહીં. જ્યારે સરકાર દ્વારા પાટીદારો સાથે સવર્ણો સાથે વાતચીત થઈ ત્યારે હાર્દિકે મળવાની ના પાડી હતી. પાટીદાર સમાજની સંસ્થાઓને માનવાનો ઈન્કાર કરી દીધો હતો. આ પ્રકારની તમામ બાબતો કોંગ્રેસ પ્રેરિત હતી. હાર્દિકના કારણે શાંતિ ભંગ થઈ હતી અને પોલીસના બળપ્રયોગમાં ૧૪ પાટીદાર યુવાનોના મોત થયા હતા. નીતિન પટેલે પ્રિયંકા ગાંધીના સંદર્ભમાં કહ્યું હતું કે, પ્રિયંકા વાઢેરાએ જાહેરમાં કહ્યું હતું કે, પ્રથમ વખત ગુજરાત અને સાબરમતી આશ્રમમાં આવી છું જે નહેરુ પરિવારે દાયકા સુધી દેશમાં શાસન કર્યું તે નહેરુ પરિવારના દિકરી એક પણ વખત સાબરમતી આશ્રમ આવ્યા નથી તે સમજવા જેવું છે. જે ગાંધી પરિવાર ગાંધીજીની કોંગ્રેસ છે તેમ કહીને મત માંગે છે તે ગાંધીજીના ઐતિહાસિક સ્થળો ઉપર આવતા નથી.

# ચૂંટણીની જાહેરાત બાદ આઈ.ટી. ફલાઈંગ સ્કવોડ હાઈ એલર્ટ

અમદાવાદ,તા. ૧૨

લોકસભા ચૂંટણીની જાહેરાત થતાં જ હવે આચારસંહિતા અમલી બની છે ત્યારે આવકવેરા વિભાગ અને જિલ્લા કલેક્ટરની ફલાઈંગ સ્કવોડ પણ હવે કાળાં નાણાંની જંગી હેરફેર સહિત સુરક્ષા-વ્યવસ્થાના મામલે સજ્જ બન્યાં છે. ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શહેરમાં ૭૦થી વધુ ચેકીંગ પોસ્ટ શરૂ કરાઈ છે. જે અમદાવાદ શહેર અને જિલ્લાના વિસ્તારોમાં નાણાંકીય હેરફેર અને લેવડદેવડ પર ચાંપતી નજર રાખશે. ચૂંટણીમાં મતદારોને રૂપિયા આપીને રીઝવવાના વિવિધ રાજકીય પક્ષો કે તેમના માણસો-એજન્ટોના તમામ પ્રયાસ નિષ્ફળ બનાવવા માટે સક્રિય બનેલી સ્કવોડ ચૂંટણીમાં મતદારોને નાણાં વહેંચવા, દારૂ વહેંચવો તેમજ બીજી ભેટ-સોગાદ આપવી એ બાબતે ખાસ વોચ રાખવા આઈટી ડિપાર્ટમેન્ટ અને જિલ્લા કલેકટોરેટની ફલાઈંગ સ્કવોડ એલર્ટ પર રખાઈ છે. ખાસ કરીને અમદાવાદ જિલ્લા કલેક્ટર અને આવકવેરા વિભાગની ઈન્વેસ્ટિગેશન ટીમ અને ફ્લાઈંગ સ્કવોડ દ્વારા પણ શહેરના એસટી સ્ટેશન, રેલવે સ્ટેશન, એરપોર્ટ તથા પ્રાઈવેટ લક્ઝરીઓનાં સ્ટેન્ડ પર ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઉપરાંત હાઈવે ચેકપોસ્ટ અને આંગડિયા પેઢી પર ખાસ નજર રખાશે અને ત્યાંથી થતી નાણાંની હેરાફેરી પર વોચ રખાશે. શહેરમાં ચૂંટણી દરમિયાન મોટા પ્રમાણમાં કાળું નાણું આવતું હોઈ તેને પકડી પાડવાની જવાબદારી ફ્લાઈંગ સ્કવોડને સોંપવામાં આવી છે, જેથી સ્કવોડના સભ્યો અમદાવાદમાં પ્રવેશતી તમામ જગ્યાઓ પર ચાંપતો બંદોબસ્ત રાખશે. ઉપરાંત ત્યાંથી પસાર થતી વ્યક્તિઓ પૈકી જેના પર શંકા હશે તેમની તપાસ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈસીઆઈ (ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા)ની ચૂંટણીમાં રોકડની હેરાફેરી પર બાજ નજર રાખવા માટે કલેક્ટર કચેરીની ફ્લાઈંગ સ્કવોડ મેદાનમાં ઉતારવામાં આવે છે. આ ચૂંટણીમાં બેન્ક વ્યવહારો ઉપર પણ બાજ નજર નાખવા માટે કોઈ ચોક્કસ માળખું ન હોવાની વાત ધ્યાનમાં લેવા માટે પણ પંચને જણાવાયું છે હાઈવે ચેકિંગ દરમિયાન જો જંગી રકમ પકડાશે તો ઈન્વેસ્ટિગેશન વિંગના અધિકારીઓ કેસ હાથમાં લઈને ઈન્કમટેક્સ વિભાગના રાજ્યકક્ષાના કંટ્રોલરૂમને જાણ કરશે. રોકડ રકમના સ્રોત ઉપરાંત રોકડ કોને આપવાની છે તે સહિતની તમામ બાબતોનું ચેકિંગ કરવામાં આવશે અને જરૂર પડે કાનૂની કાર્યવાહી પણ કરાશે. જો કોઈ વેપારી રોકડ રકમને ધંધા-રોજગારની આવક બતાવશે તો તેને તેની એન્ટ્રીઓ અને ચોપડા બતાવવા પડશે.

# ભાજપના ગઢમાં રાહુલની ગર્જના...

## મોદી જ્યાં પણ જાય છે ત્યાં જૂઠ્ઠુ બોલે છે

વડાપ્રધાન મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ની નોટો નહી ગમતાં રાતોરાત અચાનક નોટબંધીની જાહેરાત કરી. ગુજરાતમાં એન્ટરપ્રિન્યોર સ્પીરીટવાળી પ્રજા અને વેપારી-દુકાનદારોની કરોડરજ્જુ તોડી નાંખી, લાખો લોકોને બેરોજગારી કરી નાંખ્યા. બેંકોમાંથી પૈસા કાઢવાની ભીડમાં અનિલ અંબાણી, નીરવ મોદી, મેહુલ ચોકસીને તમે જોયો? નહી..ને..કોઈ સામાન્ય માણસ ના દેખાયો ને. મોદીજીએ દરેકના ખાતામાં પંદર લાખ રૂપિયા આપવાની વાત કરી હતી. તેઓ જયાં પણ જાય છે કોઈને કોઈ જૂઠ બોલે છે. ગબ્બરસિંહ ટેક્સ..મોદીજીએ ફરી એકવાર રાત્રે પાંચ અલગ અલગ ટેક્સ નાંખી દીધા અને આજ સુધી નાના વેપારીઓ,નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગકારો ભોગ બની રહ્યા છે. પરંતુ કોંગ્રેસની જેવી સરકાર બનશે જીએસટી રિફોર્મ કરાશે. એકદમ સરળ અને વ્યવહારૂ ટેક્સ પધ્ધતિ અમે આપીશું.

## ચોકીદાર તો જનતામાં ચોર..છે..ના નારા લાગ્યા

પોતાના ભાષણ દરમ્યાન રાહુલ ગાંધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતી વખતે એક તબક્કે ચોકીદાર શબ્દ પર આવ્યા હતા અને મોદીએ યુવાનો, ખેડૂતોની વાત નથી સાંભળી. એક તબક્કે મોદી ચોકીદાર બનાઓ એમ કહેતા હતા. જેવું રાહુલ ગાંધી ચોકીદાર બોલ્યા કે, તરત જ વિશાળ જનમેદનીમાંથી ચોકીદાર ચોર છે. ચોકીદાર ચોર છે..ના નારા લાગવા માંડયા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, હવે તો, ચોકીદાર શબ્દ બોલો તો, સામેથી ચોર છે જવાબ મળે છે. તેમછતાં મોદી દેશભકિતનો દાવો કરે છે. આમ કહી રાહુલે વડાપ્રધાન મોદીને આડા હાથે લીધા હતા.

## રાફેલ ડીલ મુદ્દે મોદીના ભ્રષ્ટાચારના આક્ષેપ

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાફેલ ડીલ મુદ્દે મોદીના પર્સનલ ભ્રષ્ટાચારના ગંભીર આરોપ




પણ લગાવ્યા હતા. રાહુલે જણાવ્યું કે, મોદી વાયુસેનાની પ્રશંસા કરે છે પરંતુ રાફેલ હવાઈ જહાજ ડીલ મુદ્દે મોદી દેશને એ નથી જણાવતાં કે, પાયલોટ અને વાયુસેનાના રૂ.૩૦ હજાર કરોડ ચોરી કરીને મોદીએ તે અનિલ અંબાણીના ખિસ્સામાં નાંખ્યા છે. યુપીએના કાર્યકાળ દરમ્યાન એન્ટોનીજી, ડો.મનમોહન સિંહે રૂ.૫૨૬ કરોડ એક રાફેલ હવાઈજહાજ માટે આપવાના નક્કી કર્યા હતા. દેશની જે સરકારી કંપનીએ ૭૦ વર્ષ સુધી વિમાન બનાવ્યા તે કંપનીને કોન્ટ્રાકટ આપવાનું નક્કી કર્યું હતુ. પરંતુ જે અનિલ અંબાણીએ હવાઈ જહાજ બનાવ્યા નથી, તે કાગળનું પણ વિમાન બની શકે તેવા નથી. તેને મોદી પીએમ બન્યા પછી ફ્રાંસ ગયા ત્યારે ડેલીગેશનમાં અનિલ અંબાણી પણ સાથે ગયા હતા. ખુદ ફ્રાન્સના પીએમએ કહ્યું કે, મોદીજીએ કીધુ તું કે, અનિલ અંબાણીને કોન્ટ્રાકટ આપવો પડશે અને અચાનક રૂ.૧૬૦૦ કરોડના ભાવે હવાઈ જહાજ ખરીદવાનો નિર્ણય લેવાયો.

## રાફેલની તપાસ ના થાય તે માટે સીબીઆઇ ડિરેકટરને કાઢી મૂકયા

રાહુલે પ્રહાર કરતાં જણાવ્યું કે, રાફેલ ડીલ મામલે સીબીઆઈ ડાયરેકટર તપાસ કરવા માંગે છે પરંતુ મોદીજી તેને કાઢી મૂકે છે. સુપ્રીમકોર્ટ તેને ફરી મૂકે છે પરંતુ મોદી કમીટીના જોરે કલાકોમાં બીજીવાર ડાયરેકટરને કાઢી મૂકે છે કારણ કે, તે રાફેલમાં ઈન્કવાયરી કરવા માંગે છે. ગુજરાતની જનતાને મોદીએ વાયદો કર્યો હતો કે, તે ભ્રષ્ટાચાર સામે લડશે પરંતુ શહીદોના ૩૦ હજાર કરોડ કેમ અનિલ અંબાણીને આપ્યા ? તેનો જવાબ માંગ્યો હતો.

## મસૂદ અઝહરને પાકિસ્તાન કોણે મોકલ્યો તે હું પૂછવા માંગું છું

રાહુલ ગાંધીએ પાકિસ્તાની આંતકવાદી મસૂઝ અઝહરને લઈ વડાપ્રધાન મોદીને સીધો સવાલ કર્યો હતો કે, મોદીએ એરફોર્સના ડોકયુમેન્ટેશનમાં સ્પષ્ટ લખ્યું છે કે, પુલવામાં જે હુમલો થયો તે આંતકવાદી મસૂદ અઝહરને હિન્દુસ્તાનની જેલમાંથી પાકિસ્તાન કોણે મોકલ્યો તે મોદીજીને હું પૂછવા માંગું છું. નેશનલ સીકયોરિટી એડવાઈઝર અજીત ડોભાલ મસૂદ સાથે વિમાનમાં કંદહાર સાથે ગયા હતા. દેશને સમજાવો કે, તેને સ્પેશ્યલ વિમાનમાં કેમ મોકલ્યો. દેશભકિતની વાત કરો છો તો દેશને સમજાવો કે, તમારી સરકારે મસૂદ અઝહરને તેમ છોડયો. મસૂદ અઝહરને કોંગ્રેસે પકડયો હતો અને જેલમાં નાંખ્યો હતો.

## પાકિ.સામે લડાઇ ચાલુ હતી અને મોદીએ અદાણીને એરપોર્ટ આપી દીધા

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ ઉદ્યોગપતિઓને લાભ કરાવવાની મોદી સરકારની નીતિને લઈ પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, એકબાજુ, પાકિસ્તાન સાથે લડાઈ ચાલી રહી હતી, તે જ દિવસોમાં અદાણીને પાંચ એરપોર્ટ આપી દીધા હતા. તમારા છોકરાઓને શાળા-કોલેજમાં ભણવા, કેન્સર જેવી બિમારી માટે પૈસા નથી. તમે આ પંદર લોકોને પૈસા આપો બસ એક જ નીતિ છે પરંતુ અમારે આવુ હિન્દુસ્તાન નથી જોઈતું અને અમે આવુ હિન્દુસ્તાન નહી બનવા દઈએ. ઈંગ્લેન્ડની સરકારે ભારતને પત્ર લખ્યો પરંતુ ભારત સરકારે નીરવ મોદી મુદ્દે જવાબ નથી આપ્યો હતો. નીરવ મોદી, મેહુલ ચોક્સી, અનિલ અંબાણીને મોદીજી ભાઈ કહે છે કારણ કે, આ બધા લોકો તેમને પૈસા આપે છે અને મોદી તેમને આર્થિક લાભ કરાવે છે.

## કાર્યકર્તાઓને બબ્બર શેર ગણાવી રાહુલે તેમનો જોશ વધાર્યો

પોતાના ભાષણના અંતમાં રાહુલ ગાંધીએ કોંગ્રેસના તમામ કાર્યકરોની કામગીરી અને ઉત્સાહને બિરદાવી તેમનો જોશ વધાર્યો હતો. રાહુલે જણાવ્યું કે, વિધાનસભા ચૂંટણી વખતે ગુજરાતમાં દરેક જિલ્લા, પ્રદેશમાં કોંગ્રેસના કાર્યકરો લડયા. ભાજપવાળા બચીને નીકળ્યા ખબર નહી કેમ પરંતુ ગુજરાત જાણે છે. કોંગ્રેસના કાર્યકર્તાઓએ આ કામ કર્યું. આ વિચારધારાની લડાઈ છે. એકબાજુ નફરત અને હિંસાની રાજનીતિ છે તો બીજીબાજુ, મહાત્માગાંધીની પ્રેમ, ભાઈચારા અને શાંતિની રાજનીતિ છે. જેમાં જીત ગુજરાતની પ્રજાની અને કોંગ્રેસની થશે. રાહુલે કોંગ્રેસના તમામ કાર્યકર્તાઓને જોરદાર હાકલ કરતાં જણાવ્યું કે, ચૂંટણીમાં ગુજરાતના દરેક ઘરમાં જાઓ. જનતાને બતાવો કે, મોદી પાંચ વર્ષથી વાયદા કરે છે ૪૫ વર્ષમાં સૌથી મોટી બેરોજગારી, પંદર લાખના વાયદા પૂરા કર્યા નથી. કોંગ્રેસ જે કહે છે તે કરીને બતાવે છે. આ ચૂંટણીમાં સચ્ચાઈની જીત થશે, મોદી અને નફરતની હાર થશે. તેમણે કાર્યકર્તાઓનો આભાર માન્યો કે, કોંગ્રેસની વિચારધારા માટે તમે લડો છો. ગુજરાતની તમામ ૨૬ બેઠકો કોંગ્રેસને જીતાડીને આપવા તેમણે અનુરોધ કર્યો હતો.

# અમદાવાદમાં કોંગ્રેસનું ચૂંટણી માટે મહામંથન

લોકસભા ચૂંટણીમાં જીત મેળવવાના ઈરાદા સાથે કોંગ્રેસે આજે ગુજરાતમાં મહામંથન કર્યું હતું. કોંગ્રેસ કારોબારીની બેઠકમાં કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપને અનેક મુદ્દા પર ઘેરવાના પ્રયાસ કર્યા હતા. જવાનોને નમન કરીને ચૂંટણી રણનીતિના પણ સંકેત આપ્યા હતા. કોંગ્રેસે આક્ષેપ કરતા કહ્યું હતું કે, મોદી ચૂંટણી ફાયદા માટે લોકોની ભાવના સાથે રમત રમે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ કારોબારીની બેઠકના સંદર્ભમાં માહિતી આપતા કહ્યું હતું કે કારોબારીમાં દેશના રાજકીય સંવાદમાં કડવાશ અને ઘટતા જતા સ્તરને લઈને ચર્ચા કરવામાં આવી હતી. ભારત માટે કમનસીબ બાબત છે. બેઠકમાં રાષ્ટ્રીય એકતાના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. મોદી સરકાર દેશની સંસ્થાઓ ઉપર પ્રહાર કરી રહી છે. આરબીઆઈ, સીબીઆઈ, ઈડીનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. દેશમાં એવું



વાતાવરણ છે જે કોઈપણ પ્રજાતંત્રમાં સ્વિકાર્ય નથી. આનંદ શર્માએ કહ્યું હતું કે, રોજગારનો મુદ્દો મુખ્ય છે. ૧૦ કરોડ રોજગાર આપવાના બદલે નોકરીઓ ઘટી છે અને બેરોજગારી વધી છે. સને ૧૯૬૧ બાદ એટલે કે, ૫૮ વર્ષો બાદ ગુજરાતમાં આજે કોંગ્રેસ પક્ષની ઐતિહાસિક રાષ્ટ્રીય કાર્યકારિણીની બહુ મહત્વની અને ઐતિહાસિક બેઠક મળી હતી. જેમાં ગુજરાત સહિત દેશની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષની જીતને લઈ રણનીતિ નક્કી થઈ હતી. બેઠકમાં દેશમાં બેરોજગારી, ખેડૂતોની દેવામાફી, મહિલાઓની સુરક્ષા, દેશના વિકાસ સહિતના પ્રવર્તમાન અગત્યના મુદ્દાઓ પર અગત્યની ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, લોકસભાની આગામી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ રાફેલ ડીલના મોદીના પર્સનલ ભ્રષ્ટાચાર, બેરોજગારી, ખેડૂતોની દેવામાફી સહિતના મુદ્દાઓ પ્રજાની વચ્ચે લઈ જશે અને મત માંગશે. આજે વિધિવત્ રીતે કોંગ્રેસમાં જોડાયેલા હાર્દિક પટેલ મુદ્દે પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, હાર્દિક પટેલ લોકસભાની ચૂંટણીમાં જીતશે. રાહુલે સાફ સંકેત આપી દીધો કે, કોંગ્રેસ હાર્દિકને લોકસભાની ટિકિટ આપવાની છે, તેથી જ તેના જીતવાની વાત કરી હતી. લોકસભાની ચૂંટણી પહેલા આજે મળેલી કોંગ્રેસની બહુ મહત્વની એવી આ રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપરાંત, મહાસચિવ પ્રિયંકા ગાંધી, શ્રીમતી સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહ, કોંગ્રેસના ટોચના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ પી. ચિદમ્બરમ, મલ્લિકાર્જુન ખડગે, ગુલામનબી આઝાદ, એહમદ પટેલ, અશોક ગેહલોત, જયોતિરાદિત્ય સિંધિયા, સચિન પાયલોટ સહિત ૫૦થી વધુ રાષ્ટ્રીય નેતાઓ હાજર રહ્યા હતા.

## દેશ બન્યો છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગૌરવ છે. મહાત્મા ગાંધીની શક્તિ અને ગુજરાતે આ દેશને બનાવ્યો હતો પરંતુ આજે બીજી શક્તિઓ દેશને નબળો બનાવી રહી છે. ભાજપનો પહેલો પ્રશ્ન રોજગારીનો છે. મોદી કહે છે કે સ્ટાર્ટઅપ ઈન્ડિયા બનાવ્યું છે. મેક ઈન ઈન્ડિયા બનાવ્યું છે પરંતુ હકીકતમાં રોજગારી ક્યાંય નથી.

પ્રિયંકા ગાંધીના સંબોધન સમયે ઈન્દિરા ગાંધી જિન્દાબાદના નારા લાગ્યા હતા. પ્રિયંકા ગાંધીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, તમારા પ્રેમભર્યા સ્વાગત માટે હું આભારી છું. મને ખબર હતી કે આજે મીટિંગ છે પણ વિચાર્યું હતું કે ભાષણ આપવાની જરૂર નહીં પડે. હું તમને મારા દિલના બે શબ્દો કહીશ. પહેલીવાર હું ગુજરાત આવી છું અને પહેલીવાર સાબરમતીના એ આશ્રમમાં ગઈ કે જ્યાંથી મહાત્મા ગાંધીએ આઝાદીનો સંઘર્ષ કર્યો હતો. વૃક્ષની નીચે ભજન સાંભળીને મને લાગ્યું કે, આંસું આવી જશે. મને વિચાર આવ્યો કે, આ દેશ પ્રેમ, સદભાવના અને આપસી પ્રેમના આધાર પર બનેલો છે. આજે જે પણ દેશમાં થઈ રહ્યુ છે, તેનાથી દુખ થાય છે.

પ્રિયંકાએ કહ્યું કે તમે જાગૃત બનો તેનાથી મોટી કોઈ દેશભક્તિ નથી. તમારી જાગૃતતા અને વોટ એ હથિયાર છે. આ હથિયારથી કોઈને ઈજા કે નુકશાન નહીં પહોંચે પણ તે તમને મજબૂત બનાવશે. તમે વિચારો કે તમે આ ચૂંટણીમાં તમારું ભવિષ્ય પસંદ કરવા જઈ રહ્યાં છે. તમારૂં હિત હોય એવા મુદ્દા ઉઠવા જોઈએ. નકામા મુદ્દા ન ઉઠવા જોઈએ.

તેણીએ કહ્યું કે રોજગારી, ખેડૂતોના મુદ્દા હોવા જોઈએ. હું તમને આગ્રહ કરીશ કે, સમજી વિચારીને આ વખતે તમે નિર્ણય લો. જે તમારી સામે મોટા વાયદા, વાતો કરે છે, તેમને પૂછો કે જેમણે બે કરોડ લોકોને રોજગારનો વાયદો આપ્યો છે, તેઓ ક્યાં છે. જે લોકો એવું કહેતા હતા કે તમારા ખાતામાં ૧૫ લાખ આવવાના હતા, તે ક્યાં ગયા. જે મહિલાઓની સુરક્ષાની વાત કરતા હતા, એ મહિલાઓને પાંચ વર્ષમાં કોઈએ પૂછ્યું નથી. હવે યોગ્ય સિલેક્શન કરો. તમારી જાગૃતતા જ દેશને બનાવશે. આપણી દેશભક્તિ અહીં જ પેદા થવી જોઈએ.

ગુજરાતમાંથી આપણી આઝાદીની લડાઈ શરૂ થઈ હતી, અહીંથી જ અવાજ ઉઠવો જોઈએ. જે લોકો નફરતની વાતો કરે છે તેમને બતાવો કે દેશની ફિતરત શું છે. આગામી દિવસોમાં યોગ્ય સવાલ કરો. આ દેશ તમે બનાવ્યો છે. સરકારી સંસ્થાઓ નષ્ટ કરાઈ રહી છે, નફરત ફેલાવાઈ રહી છે. દેશ માટે એકજૂટ થઈને આપણે આગળ આવીએ.

કોંગ્રેસની જનસંપર્ક રેલીમાં પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વિનર હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. તેમણે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે ચર્ચા કરી હતી. સભા મંચ પરથી હાર્દિકે ચોકીદાર ચોર છે તેવા નારા લગાવી કહ્યું કે હું ગુજરાતની જનતાનું પ્રતિનિધિત્વ કરવા કોંગ્રેસમાં જોડાયો છું. સભામાં યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ સહિત વર્કિંગ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

## પાર્કીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્યુ છે. બીજીતરફ પાર્કીંગ પ્લેસ પર દબાણોની ભરમાર છે. જયારે દબાણોના લીધે વાહનો પાર્ક કરવા માટે પણ જગ્યા મળતી નથી. આવા સંજોગોમાં સાંકડા સર્વિસ માર્ગ પર જ વાહનોનો ખડકલો થઈ જાય છે. જેના લીધે ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ ઉદભવે છે. રોજબરોજ વાહનચાલકોએ હેરાનગતિ વેઠવી પડે છે જયારે કેટલીક વાર પાર્કીંગની જગ્યા ન મળતા માર્ગ વચાળે મુકેલા વાહનો ટોઈંગ પણ થઈ જાય છે. શહેરમાં પાર્કીંગ પ્લેસના મામલે તંત્ર દ્વારા નવેસરથી ડિઝાઈન તૈયાર કરવાનો નિર્ણય લેવાયા બાદ હાલ પ્રાયોગિક ધોરણે સે-૧૧ સ્થિત બી એસ એન એલની કચેરી પાસે નવી ડિઝાઈનનુ પાર્કીંગ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. નવા પાર્કીંગ પ્લેસની ડિઝાઈન પાર્કીંગની દ્રષ્ટીએ યોગ્ય પુરવાર થાય તો સે-૧૧ તેમજ સે-૧૬માં પણ નવા પાર્કીંગ તૈયાર કરવા માટે આ ડિઝાઈન મુજબ તૈયાર કરાશે.

## ખતમ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠક બાદ રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું હતુ કે આરએસએસ અને ભાજપની ફાંસીવાદી વિચારધારાને હરાવવા અમે લડત ચલાવીશું. નફરત, ગુસ્સો અને વિભાજનની વિચારધારાનો વિરોધ કરીએ છીએ.

સીડબલ્યુસીની બેઠક બાદ કોંગ્રેસના સિનિયર નેતા આનંદ શર્માએ મિડીયાને જણાવ્યું હતું કે અમારી વર્કિંગ કમિટીની બેઠકમાં લોકસભાની ચૂંટણી અંગે ચર્ચા થઈ છે. કોંગ્રેસ દેશને એક સારી સરકાર આપશે. ભારતના પ્રજાતંત્રની મજૂબૂતીને ભાજપ સમજી શકતો નથી. લોકશાહીમાં દેશના દરેક નાગરિકને સુરક્ષા અને તેના હક્ક મળવા જોઈએ.

શર્માએ વડાપ્રધાન મોદી પર આરોપ લગાવતાં જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી લોકોની ભાવના સાથે રમી રહ્યાં છે. તેઓ લોકોના વિવેક પર સવાલ ન કરે. ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર પટેલને ભૂમિ છે. ખેડૂતોના મુદ્દે શર્માએ કહ્યું હતું કે કોંગ્રેસે તેની સરકારોમાં ખેડૂતોના દેવાં માફ કર્યા છે જ્યારે ભાજપે ખેડૂતોને છેતરવાનું કામ કર્યું છે. ભાજપની મોદી સરકારે દેશમાં સંવૈધાનિક સંસ્થાઓને બરબાદ કરી છે.

બે કલાક સુધી ચાલેલી આ બેઠકમાં આનંદ શર્માએ કહ્યું હતું કે બેરોજગારી આજે સૌથી મોટી સમસ્યા છે. મોદીએ વચન આપ્યા પ્રમાણે રોજગારીની તકો સર્જાઈ શકી નથી. દેશમાં મહિલાઓની સલામતીનો પ્રશ્ન છે. કોંગ્રેસ પાકિસ્તાનના નાપાક ઈરાદા પાર પાડવા દેશે નહીં. અમે તમામ ધર્મ અને જાતિના લોકોને સલામતી આપવા માગીએ છીએ.

શર્માએ કહ્યું કે, ભાજપની સરકાર આવ્યા પછી દેશમાં રાજનૈતિક સબંધોમાં કડવાહટ આવી ગઈ છે. મોદીએ બાપુના ભારતની જગ્યાએ અલગ ભારતનું નિર્માણ કર્યું છે. મોદી પર નિશાન લગાવી તેમણે કહ્યું કે વોટ માટે રાજનીતિ કરી રહ્યાં છે. આરબીઆઈ અને સીબીઆઈનો મોદી સરકાર દૂરપયોગ કરી રહી છે. ભાજપની સરકાર લોકોની ભાવના સાથે ખિલવાડ કરે છે. મોદીએ દેશની અર્થવ્યવસ્થાને છિન્નભિન્ન કરી છે. રાજકારણના નિમ્નસ્તર માટે મોદી જવાબદાર છે.

પાટીદાર નેતા હાર્દિક પટેલ સીડબલ્યુસીની બેઠકના સ્થળે ઉપસ્થિત રહ્યો હતો. કોંગ્રેસમાં જોડાતા પહેલાં સરદાર ભવનમાં હાર્દિક કોંગ્રેસના વિવિધ નેતાઓને મળ્યો હતો.

## પ્રાર્થના સભામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાજરી એકસાથે જોઈને કોંગ્રેસના નેતાઓથી માંડી સામાન્ય કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગાંધી પરિવારના આ ત્રણેય નેતાઓની હાજરી પ્રાર્થના સભામાં સૂચક બની રહી હતી. પોતાના નિયત સમયથી એક કલાક મોડા આવેલા કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ ગાંધી આશ્રમથી શાહીબાગના શહીદ સ્મારક જઈને પુલવામાના શહીદોને પોતાનાં શ્રદ્ધા સુમન પણ અર્પણ કર્યા હતાં અને ત્યાંથી સરદાર પટેલ સ્મારક ખાતેની વર્કિંગ કમિટીમાં હાજરી આપવા રવાના થયા હતા. આ અગાઉ વહેલી સવારે લગભગ ૯-૫૦ મિનિટે યુપીએનાં ચેરપર્સન સોનિયા ગાંધી, પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, પૂર્વ વડા પ્રધાન ડો.મનમોહનસિંહ, પક્ષનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી, સાંસદ અને સોનિયા ગાંધીના રાષ્ટ્રીય સલાહકાર અહમદ પટેલ સહિતના મહાનુભાવોનું અમદાવાદ એરપોર્ટ પર આગમન થયું હતું. આ મહાનુભાવોનું પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા, વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણી, પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ, પૂર્વ પ્રમુખો અર્જુન મોઢવાડિયા, ભરતસિંહ સોલંકી, સિદ્ધાર્થ પટેલ તેમજ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા શકિતસિંહ ગોહિલ વગેરે અગ્રણીઓએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

## હાર્દિક પટેલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબોધતા પોતાના ભાષણમાં ભાજપ અને મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને એક તબકકે વડાપ્રધાન મોદીને લઈ ચોકીદાર ચોર છે..ના નારા ઉપસ્થિત જનસમૂહ પાસે લગાવડાવ્યા હતા. બીજીબાજુ, હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાતાં પાટીદારોમાં આંતરિક વિરોધ શરૂ થઈ ગયો છે. એસપીજીના લાલજી પટેલે પણ ખુલ્લો વિરોધ કરી હાર્દિકને હવે ચૂંટણી જીતી બતાવજે તેવો પડકાર ફેંકયો હતો. તો બીજીબાજુ, હાર્દિક પટેલના કોંગ્રેસમાં જોડાવાનું આ સમીકરણ ગુજરાત કોંગ્રેસને ફાયદો કરાવે તેવું પ્રથમ દષ્ટિએ લાગી રહ્યું છે કારણ કે તેને હવે આગામી લોકસભા ચૂંટણીમાં પાટીદાર મતો મળવાની આશા છે. પરંતુ અહીંથી જ ગુજરાત કોંગ્રેસમાં બીજી એક ઘર્ષણ રેખા તણાઈ ચૂકી છે જેની એકતરફ હાર્દિક પટેલ અને બીજીતરફ અલ્પેશ ઠાકોર છે. બંને યુવા નેતાઓ છે અને બંને અત્યંત મહત્વકાંક્ષી છે જેના કારણે ગુજરાત કોંગ્રેસમાં સત્તાની સાઠમારી વધુ ઘર્ષણમય બનશે તે નક્કી છે.